નમસ્કાર ગાંધીનગર

પમરાટ

તું મારા નામનો કાયમ જપે છે જાપ, ખાલીપા.
તને કઈ વાતનો છે આટલો સંતાપ, ખાલીપા?

વિચારોમાં, હૃદયમાં તું, નસોમાં તું જ દોડે છે,
વધે છે રોજ મારામાં આ તારો વ્યાપ, ખાલીપા.

પગથિયે તું, તું દરવાજે અને ઘરમાંય તું નો તું,
મને તું ક્યાંક રહેવાની જગા તો આપ, ખાલીપા.

આ એકાંતે તો જાણે કે મને બુદ્ધત્વ દઈ દીધું.
તેં મારા ઘોઈ નાંખ્યા છે બધાંયે પાપ, ખાલીપા.

- શૌનક જોષી

પાથેય

- રમેશ ઠક્કર

ખાલીપો ખખડે ત્યારે...

દુનિયાના ભેદભરમ સમજતાં આયખું ઓછું પડે.આખરે આપણા જીવવાનો અર્થ શું હોય છે ? માણસને આખરે શાની તલાશ હોય છે ? અહીં જીવવા માટે હવા છે પાણી છે અનાજ છે...લોકોની દુવા છે..વૈભવ અને ઐશ્વર્ય છે.સુખના પ્રચલિત માપદંડો છે..ભાગ્ય હોય એને બધું મળે છે. તો આ ભાગ્યને કોણ ઘડે છે ? આ બધું જાણવાની તાલાવેલી પ્રત્યેક વ્યક્તિને અકળાવે છે..માણસ સધિયારો શોધે છે..કોઇક એવો સહારો મળે જે ભવાટવિનો આ ભુલભુલામણીમાંથી બહાર કાઢે..એના અંતરમાં એક નાદ પડેલો છે..એ સાદ બનીને વહેવા માગે છે..એ અરજ સ્વરૂપે હોઇ શકે..માગણી હોઇ શકે કે નિર્મળ હૃદયની પ્રાર્થના પણ હોઇ શકે..આખરે આપણને એવો શું સંતાપ હોય છે ? કોઇક અજાણ્યા આધાર માટેની આહલેક આપણે શા માટે કરતા રહીએ છીએ ? ભકત હોય એ રામનામનો જાપ જપતા રહે..કોઇ પ્રેમીજન એના મનગમતા પાત્ર માટે ઝૂરતું રહે..એ રીતે આપણી અંદરનો ખાલીપો કશુંક ઝંખતો રહે છે .આ ઝંખના જ માનવજીવનનું સૌથી મોટું વિસ્મય છે.

કશુંક પામવાની તલાશ દુન્યવી ચીજોથી શરૂ થાય છે..સુખનો સીધો આધાર સુખસગવડો અને આનંદ આપતી ભૌતિક ચીજો ઉપર નિર્ભર છે...પરંતું આ બધી વસ્તુઓ અમુક હદ સુધી જ માણસને સંતોષ આપી શકે છે.મીરાં કહે છે એમ સંસારીનું સુખ કાચું..પરણીને પાછા જો એકલા થઈ જવાનું હોય તો એવા સંગાથીની કોઇ જરૂર નથી..કોઈ એવા દિલેરની સંગત મળી જાય જે સંજોગો કે જીવનની ક્ષણભંગુરતાને અતિક્રમી શાશ્વત આનંદનો અનુભવ કરાવે..આવું કોણ હોઇ શકે ? એ જગતનો નિર્માતા જ હોઇ શકે..યાચવું તો એવા અમીર પાસે કે જે સ્વયં આ સૃષ્ટિનો માલિક છે અને છતાંય એની નમ્રતા જુઓ કે એ ક્યાંય દેખાતો નથી ! એ વિચારોમાં વહે છે..હૃદયમાં અનુભવાય છે.આપણી નસોમાં અવિરત દોડે છે..અને એટલે જ રોજેરોજ એની અનુભૂતિ થકી એ અદ્રશ્ય શકિત માટેની આપણી તલાશને બહેકાવે છે. એક રિકતતા કે ખાલીપો એ ચીજને પામવા સતત ઝંખે છે.

જીવને જેની ઝંખના છે ક્યાં છે ? એ પોતાના ઘરના પગથિયે એટલે કે હાથ ફેલાવવા જેટલો જ આઘે હોય છે ! માણસ જો બેસી રહે તો ના જ મળે. ઘણીવાર તો એ દરવાજે જ હોય છે..આપણે ત્યાં સુધી જવામાં પણ આળસ કરીએ છીએ.આમ જોઇએ તો એ ઘરમાં એટલે કે આપણી અંદર જ હોય છે !એ ચારેકોર છે..આપણે એને એટલી જ અરજ કરવાની કે એના વિશાળ વૈભવમાં જરીક સ્થાન આપે જેથી આપણી ભીતરનો ખાલીપો ભરાઇ જાય !

આપણી આસપાસ કોલાહલ જામેલો છે..એની વચ્ચે એકાંત સાધવું અને પોતાની આંતરિક શકિતને પામવી એ નાનીસૂની વાત નથી..એકાંત થકી જ આપણે બુદ્ધત્વ તરફ જઈ શકીએ.આવું એકાંત પામવાની કક્ષાએ જવું એ જ કદાચ તમામ પાપોને ધોવા માટેનો રામબાણ ઇલાજ હોઇ શકે..આપણો ખાલીપો ફકત ખખડતો જ નથી એ સતત કોઇક મુકામ શોધવા માટેનો સંકેત આપતો હોય છે !

રાજસ્થાનના ધારાસભ્યોનો બળવો

તંત્રીસ્થાનેથી...

લોકશાહીને રાજકીય પાર્ટીઓની હાઈકમાંડ સંસ્કૃતિએ એવો લૂણો લગાડી દીધો છે કે લોકશાહી અને સરમુખત્યારશાહી લગભગ સમાનાર્થી શબ્દો બની ગયા છે. સોનિયા ગાંધી કહે તે જ સ્વીકારવી લેવાનું એવા - પોપટપાઠ રાજસ્થાનના ગહલોત સમર્થક ધારાસભ્યોને હરગિજ સ્વીકાર્ય નથી. લોકશાહીને સડતી - સબડતી અને મરતી બચાવવા માટે આવી બળવાખોરી આવકારદાયક લેખાવી જોઈએ. એવી જ બળવાખોરી ભારતીય જનતા પાર્ટીમાં થવી જોઈએ. એ સિવાય તો નરેન્દ્ર મોદી એમના નામના અર્થ મુજબ 'રાજા' જ બની રહેશે, સેવક નહીં. ભલે 'પ્રધાનસેવક' હોવાની સુફિયાણી રજૂઆતો કરી પ્રજાનું મનોરંજન કરતા રહે. કોંગ્રેસનો એક માત્ર મજબૂત ગઢ પણ હવે ધરાશાયી થવાની અણી પર છે. એ માટે જો કોઈ જવાબદાર લેખાશે તો તે ગાંધી પરિવાર જ ગણાશે. પ્રભાવ જરૂર હોઈ શકે, પણ પોતાનો હુકમ જ મનાય એવો સ્વભાવ તો લોકશાહીને ખતમ જ કરી દેશે. બધા જાણે છે કે સચીન પાઈલટ એક સક્ષમ યુવા નેતા છે. પણ એમને મુખ્યમંત્રી તરીકેની સ્વીકૃતિ તો રાજસ્થાનના ધારાસભ્યો જ આપી શકે. પ્રિયંકા ગાંધીના કહેવાથી એમણે ભાજપમાં જવાનું ટાળ્યું હતું એટલે એનો પુરસ્કાર મુખ્યમંત્રી પદ રૂપે અપાતો હોય અને એમાં ધારાસભ્યો સહમત હોય તો કોઈને વાંધો ન હોવો જોઈએ. પરંતુ ધારાસભ્યોના મેજોરિટી જૂથે જે રૂખ અપનાવ્યું એને પણ હાઈકમાન્ડે અને એણે મોકલી આપેલા નિરીક્ષકોએ સમજવાની જરૂર હતી. અજય માકનનું વજૂદ દિલ્હીના પ્રાદેશિક રાજકારણમાં સમાપ્ત થઈ ગયું છે એટલે એ ગાંધી પરિવારના આજ્ઞાંકિત બનીને એમનું ગાડું ગબડાવતા રહ્યા છે. નિરીક્ષક તરીકે એમને 'સત્ય' દેખાવું જોઈતું હતું. એમણે ધારાસભ્યો એમની બોલાવેલી બેઠકમાં ન આવ્યા એને અનુશાસનહીનતા કહીને સોનિયા ગાંધીને ઉશ્કેર્યા. સોનિયા તો અક્કલ વગરનાં નેતા છે. કહો કે એ ઉછીની અક્કલ પર ચાલે છે. અહમદ પટેલે એમને ઉછીની અક્કલ પધરાવીને દેશમાં ગુજરાતી નેતાનું શાસન મજબૂત કરી આપ્યું હોવાની થિયરી હવે તો સર્વમાન્ય બની ગઈ છે. અશોક ગહલોત પણ અહમદ પટેલ જેટલા જ ગાંધી પરિવારના વિશ્વાસુ નેતા છે. એમણે સોનિયા ભક્તિ કરવામાં કોઈ કસર નથી રાખી. જી-૨ ના બૌદ્ધિકોની સામે ગાંધી પરિવાર અને રાહુલ ગાંધીની તરફેણ કરવા માટે એ સામે ચાલીને આગળ પડતો ભાગ ભજવતા હતા ત્યારે પ્રજાને એમના જેવા મહાત્મા ગાંધીની વિચારધારાના અનુયાયી સોનિયા - રાહુલના ગાંધીવાદમાં કયાં ફસાયા, એવી દયા જ આવતી હતી. એના સરવાળે રૂપે એમને રાહુલ - સોનિયાએ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બેસાડી દઈ પોતાનું પ્રોક્સી શાસન ચલાવવાનો કારસો રચ્યો હતો. હવે કદાચ એમને ગહલોતની જાદુગરીનો અહેસાસ થયો છે એટલે બનવાજોગ કે કોઈ વૈકલ્પિક નામની વિચારણા કરે. કોંગ્રેસની નેતાગીરી એટલી મૂર્ખ છે કે જે હાથવગું છે એ પણ ગુમાવવાની એને ચાનક ચડી છે. પંજાબમાં અમરિંદરસિંહ જેવા લોકપ્રિય મુખ્યમંત્રીને સિદ્ધુના ચાળે ચડીને હટાવ્યા અને ત્યાં 'આપ'નો રંગેચંગે વિજય થઈ ગયો. ગહલોત સિવાય કોઈ નેતા કોંગ્રેસ માટે મારવાડી શેઠિયાઓ પાસેથી ફંડ મેળવી શકે એમ નથી. એમને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવીને મુખ્યમંત્રી પદે પણ ચાલુ રખાય તો કોંગ્રેસ વધુ સારા પરિણામોની આશા રાખી શકે એમ છે. પણ એમાં પેલી વન મેન - વન પોસ્ટ વાળી દરખાસ્ત વચ્ચે આવે છે. સોનિયા કે રાહુલના નામે નહીં પણ અશોક ગહલોતની સ્વચ્છ પ્રતિભા અને સૌમ્ય સ્વભાવને કારણે રાજસ્થાનમાં સરકાર ટકી છે અને રિપીટ પણ થઈ શકે એમ છે. એટલે ભલે ગહલોતના ઈશારો બળવો થયો હોય પણ લોકશાહીના વ્યાપક હિતમાં તે આવકાર્ય લેખાવો જોઈએ. હાઈકમાંડને એક લીટીને ઠરાવ કરી બધી જ સત્તા સુપરત કરાવવાનો વિરોધ કરવા માટે ખરા અર્થમાં શહીદ થવાની તૈયારી જોઈએ. સિનિયર મંત્રી શાંતિ ધારીવાલ સાચા અર્થમાં લોકશાહીના સંરક્ષક લેખાશે. એમણે જે હિંમત દાખવી છે એની રાજસ્થાનના જ કે કોંગ્રેસના જ નહીં, દેશની લોકશાહીના ઈતિહાસમાં નોંધ લેવાવી ઘટે.

ચૂપ : રહસ્યમય થ્રિલર ફિલ્મ

તમે ફિલ્મ દિગ્દર્શક છો અને પ્રથમ ફિલ્મમાં જ તમે તમારો જીવ રેડી દીધો હોય અને એ ફિલ્મને ક્રિટિક અે કદમ ખરાબ ભાષામાં રિવ્યુ લખી ફલોપ ફિલ્મ સાબિત કરે તો ? તમે ગુરુદત્તના ચાહક છો. ગુરુદત્તની છેલ્લી ફિલ્મ 'કાગઝ કે ફૂલ' ને પણ ક્રિટિકે આવકારી નહોતી અને નબળી ફિલ્મ ગણાવી હતી. ગુરુદત્તએ પછી ફિલ્મ બનાવવાનું છોડી દીધું હતું. તમે ગુરુદત્તના પણ મોટા ચાહક હો તો ? તમારા ઘડતરમાં પિતાનો ત્રાસ જ આવ્યો હોય અને બાળપણથી એક ખુન્નસ તમારામાં ઘર કરી ગયું હોય તો ? - આ બધા પ્રશ્નોના જવાબ આર.બાલ્કીની ફિલ્મ 'ચૂપ' માંથી મળે છે.

આર. બાલ્કી જાહેરાતની દુનિયાનું મોટું નામ છે. અમિતાભ બચ્ચનને એ માને છે એટલે જ 'પા' અને 'શમિતાભ' જેવી હટકે ફિલ્મો એણે બનાવી હતી. અને આ વખતે રહસ્યમય થ્રીલર લઈને આવે છે. ફિલ્મમાં એક દૃશ્યમાં અમિતાભ બચ્ચન પણ આવે છે અને સિનેમાને, સમાજને, સાચા ક્રિટિકની શરૂઆતમાં સિનેમાના ૧૧૦ વર્ષ અને અમિતાભ બચ્ચનના ૮૦ વર્ષને પણ યાદ કરવામાં આવે છે.

'ચૂપ' ફિલ્મનો નાયક સિનેમા બચાવો આંદોલન શરૂ કરે છે. એના આંદોલનની રીત થથરાવી નાખે એવી છે. ખોટા ફિલ્મ ક્રિટિકની પાછળ એ પડ્યો છે અને એક પછી એક એ બધાને ખતમ કરતો જાય છે. આખરે એ જેને પ્રેમ કરે છે એનો વારો આવે છે. ફિલ્મમાં આ બધા ખૂનની તપાસ કરનાર પોલીસ અધિકારી સન્ની દેઓલ છે અને સાઈકિયાટ્રીક તરીકે પૂજા ભટ્ટ છે. નાયક નવો છે દુલાકર સલમાન અને નાયિકા શ્રેયા ધન્વન્તરિ. (સ્કેમ) ફેઈમ. નાયકની બાળપણની યાતનાને કારણે એનામાં ડ્યુઅલ પર્સનાલિટી ઊભી થાય છે. એ કેરેકટર ઊભું કરવામાં અભિનેતા નિષ્ફળ જાય છે. પત્રકાર તરીકે સુંધા બરાબર છે. સન્ની દેઓલ અને પૂજા ભટ્ટ પણ યોગ્ય છે.

મન-રંજન
ધ્વનિલ પારેખ

ફિલ્મની કથા આર. બાલ્કીએ લખેલી છે. આર. બાલુ સિનેમા ક્ષેત્રે નવું કરવા માટે પણ જાણીતા છે. અહીં એમણે વિષય જુદો પકડ્યો છે. પણ હિંસાના દૃશ્યોમાં અતિરેક થયો છે, એ ટાળી શકાયો હોત. (શક્ય છે કે ખૂનીની ક્રૂ માનસિકતા બતાવવા એ પ્રકારના દૃશ્યો તૈયાર થયા હોય.) એ દૃશ્યો જોયા પછી એની માનસિક અસર રહે છે. ગુરુદત્તની ફિલ્મનાં ગીતોની પંક્તિઓ વચ્ચે વચ્ચે ગૂંજતી રહે છે. આખરી દૃશ્ય પણ ગુરુદત્તની ફિલ્મની જેમ ફિલ્માંકન કરવામાં આવ્યું છે. પણ એક ખોટો મેસેજ એ પણ મળે છે કે ક્રિટિકની જરૂર નથી. જયારે સાચા ક્રિટિકની તો વધારે જરૂર છે. ફિલ્મના સંવાદો એનું જમા પાસું છે. 'કાગઝ કે ફૂલ' બનાનેવાલે કે કાગઝ પર કલમ ઘિસનેવાલોને ચૂપ કરા દિયા.' જેવા સંવાદો સ્પર્શી જાય છે. ટૂંકમાં રહસ્યમય થ્રીલર ફિલ્મમાં રસ હોય એમને આ ફિલ્મ જરૂર ગમશે.

'હાથમાં ફુલો લઈને ફરતા રહે, ને વગર ખંજરે વાર કરે એમ પણ બને, "સતત આપે છે પીડા , વણ જોઈતા કામના ભારણ આપીને સહન કરીએ આપણે, ને ખુશ થઈને એ ફર્યા કરે એમ પણ બને'

આજકાલ નોકરી કરતાં તમામ લોકો વગર કારણ નો સ્ટ્રેસ લઈને ફરે છે. વગર કારણ નો એટલાં માટે કે સ્ટાફની અછત, ટેકનોલોજી ખરી, આવડત પણ ખરી પણ સમસ્યા ક્ષમતા કરતાં વધું લોડ આપવાની.

આ ખરેખર ઉચ્ચ લેવલે પહોંચેલા લોકોની આદત બની ગઈ છે.

માણસ શબ્દો દ્વારા જ પીડા આપે છે.

વગર ખંજરે વાર..

ટાર્ગેટ, સફળતા અને તમે હદ કરતાં વધુ કેટલું કરી શકો છો એની ક્ષમતાની કોઈ હદ નક્કી નથી હતી.

લાખો લોકો ડિપ્રેશનનો શિકાર બને છે. અને આ ડિપ્રેશન બહાર થી નથી આવતું. આપણા જ અંગત કે આસપાસના વ્યક્તિ પાસેથી આવે છે. વાણી , વર્તન અને વ્યવહાર થી.

એક જ વાક્ય ને અલગ અલગ બોલી શકાય. "જેમ કે તમે આ કરી શકો છો મને વિશ્વાસ છે" અને બીજી રીતે "તમે આટલું પણ નથી કરી શકતાં, બીજાને જૂઓ. આટલું પણ નથી થતું તમારાથી." બન્ને વાક્ય પાછળનો હેતુ લગભગ એક સરખો જ છે. કોઈક પાસે ને એની ક્ષમતાથી વધુ કામ કરાવવું. વધું પડતી અપેક્ષા રાખીને. એક વસ્તુ યાદ રાખજો મિત્રો.. દબાણ હમેશાં અસ્તવ્યસ્ત કરી નાખે છે. અને બીજાની તરક્કી માટે પોતાનું શોષણ થતું અટકાવવું એટલે ડિપ્રેશન ને અટકાવવું.

સફળતા અને ટોચ પર પહોંચવા માટે લોકો માણસાઈ ભૂલી બેઠાં છે, હડધૂત અને તોછડાઈ ભર્યું વર્તન કરી કામ લઈ રહ્યાં છે આજકાલ.

પોતાને કાયદેસરની રજા આપવામાં આવી હોય એ તો મળે જ નહિં પણ જાહેર રજા આવે એમાં પણ કામ અને કામનો નિશ્ચિત સમય જ હવે ક્યાં રહ્યો છે.ઓવર ટાઇમ કરી માણસ પરિવારથી વિખોટો પડતો જાય છે. વીસ પચીસ માણસો વચ્ચે મીટીંગ દરમિયાન પોતે પોતાને હડધૂત થતો જોવે છે.. પરિવાર દ્વારા પણ તિરક્કર પામેલો માણસ આખરે ડિપ્રેશનની હદ વટાવી આત્મહત્યા સૂધી પહોંચે છે અને એવોર્ડ અને સર્ટિફિકેટ બોસના ઘરે. શા માટે આપણે આપણા સાથેના કે આપણી અંડર માં કામ કરતાં વ્યક્તિ સાથે હળવાશ થી, પ્યારથી કે ઉત્સાહ થી કામ નથી લઈ શકતાં. સફળતા , ટાર્ગેટ પાછળ શા માટે આપણે માણસાઈ ભૂલી બેઠાં છીએ. આત્મહત્યા માટે જવાબદાર પોતાના અંગત જ હોય છે. શા માટે આપણા જ સાથીદાર સમસ્યામાંથી ઉગારવાના બદલે વધુ દર્દમાં નાખતા જાય છે.

સતત ટોર્ચરીંગ, વધુ પડતી અપેક્ષા, કેરિયર, પ્રમોશન કેટલા વગર જોઈતા સંકટ આપવામાં આવે છે વ્યક્તિને.

અને નાની નાની સમસ્યા ક્યારેક મોટુ રૂપ લઈને મરવા તરફ પ્રેરે છે. પરંતુ શું આત્મહત્યા જ અંતિમ સોલ્યુસન હોય છે?

આત્મહત્યા એ સમસ્યાનું નિરાકરણ નથી. પણ પરિસ્થિતિ બદલી નાખવી એ નિરાકરણ છે. વધું માં વધું શું થશે? બી એમ ડબલ્યુ ના બદલે અલ્ટો આંગણે ઊભી હશે. પણ એ ફેરવવા આપણે સ્વસ્થ હોઈશું. નથી જોઈતું અવ્વલ નંબરે આવવું, બસ માન ,ઈક્ષત અને સાથ જોઈએ છે. આજના ફાસ્ટ અને કોમ્પિટિશન વાળા સમયમાં જ્યાં જુઓ ત્યાં માત્ર સમસ્યા અને દુઃખ જ દેખાશે. કારણ બધાંને પોતાની પોઝિશન નો વટ છે. અરે એ શા માટે ભૂલો છો કે આ પોઝિશન પોતાના એકલા હાથે નહિ પણ કેટલાયે લોકોના આંસુ, સમય, અને ભોગ લઈને મેળવી છે. તમારાં ઘરમાં કે ઓફિસમાં રહેલી. ટ્રોફી માં ડ્રાઈવર, પટાવાળા થી લઈ સાથીદાર દરેકનો ભોગ અંદર ઠુસી ઠુશી ને ભર્યો છે. તમે જે ટાઈ પેહેરી છે એમાં કેટલાયે લોકોના સપનાંઓ લટકીને ખરી પડ્યાં હશે. કોઈને વણ જોઈતી સમસ્યા અને તિરસ્કાર આપીને મળતું શું હોય છે? આ નાની નાની સમસ્યાઓ આંતરિક દુઃખોનું કારણ બને છે. આમાં હજુ ઉમેરો કરતાં, જીવનના દરેક પાસામાં માંગણીઓ અને અપેક્ષાઓ જ આત્મહત્યા કરવા માટે પ્રેરે છે. શા માટે આપણે આપણી અપેક્ષા અને આપણા સપના બીજા પર થોપી બેસાડતા હોઈએ છીએ. કશું સ્વીકાર્ય નથી તો તરત જ જાહેર કરી દો, શા માટે ગુંગળાવાનું, બીજાને ટોર્ચર કરવાનું . દરેક લોકો ને કહેતા સાંભળ્યા હશે કે ઉપરથી પ્રેશર છે. અરે કોઈક તો દૂર કરતાં જાવ.

શા માટે પ્રેશરમાં રહીને ઉકળીને બીજાને બફારો આપવાનો.

યાદ રાખો બાફેલા કરતાં કાચા શાક (સલાડ) વધુ હેલ્થી હોય છે.

એમ પણ બને !
પારૂલ અમિત

કોઈ માટે આપણે કોઈનું સુખી જીવન ના બની શકીએ તો દુઃખ નું કારણ શું કામ બનવું ? આત્મહત્યાનો વિચાર પહેલીવાર જ નથી આવતો, ઘણા દર્દ, ઘૂંટન અને પ્રશ્નો ઘેરી વળતા હશે, કોઈ સમજી શકનાર નહીં હોય અથવા માનસિક રીતે કોઈકે ભાંગી નાખેલા હશે ત્યારે જ છેલ્લી હદનો વિચાર આવો આવતો હશે. પણ, શું આપણા જીવનમાં એવું કોઈ નથી જે આપણને આમાંથી બહાર કાઢી શકે, ભલે ને કોઈ સતત ધકેલ્યા કરતું હોય, કોઈક તો હશે ને કે જેવું ડગમગી જવાય તરત જ ખેંચી લે, સંભાળી લે આપણને.

શું આવું કોઈ નથી, તો તરત જ શોધી નાખો મોડું થાય એ પહેલાં. જીવનમાં કોઈ એવો દોસ્ત હોવો જોઈએ જે આશ્વાસન, હિંમત અને સાંભળીને સંભાળી લે એવો જોઈએ. નથી બનવું ચાલાક કે હોશિયાર બીજાની નજરોમાં. ભલે ડોબા રહીએ , પણ માણસ બનીએ. આજે તાળીઓ પાડનાર એ હાથ કાલે એકાદ ભૂલ પર જ આંગળી ચિંધતા થઈ જશે. એક નાનકડા કામ માટે પણ કોઈ કોલ કરશે તો એવી રીતે કરશે જાણે પોતે જ આખા પૃથ્વી ગ્રહ ને ઘરી પર ફેરવી રહ્યાં છે. યાદ રાખો કોઈ વસ્તુ કાયમી નથી. પરિસ્થિતી પણ નહીં.

તમે જે પોઝિશન પર આજે છે ત્યાં બની શકે સામેવાળો પણ હોય. આપણે જીવવા માટે આવ્યાં છીએ, આનંદ ઉઠાવવા નહીં કે ગુંગળાવવા પોતાને કે બીજાને. કોણ શું કહેશે એની પરવાહ રહેવા દઈએ.એટલું યાદ રાખજો જો કોઈ માત્ર સહન કરવાની જ ટિપ્સ આપતું હોય અને સમાજના નિયમોનું લિસ્ટ, કોઈ શું કહેશે એવા સ્ટેટમેન્ટ આપતું હોય તો એ તમને ઉગારવા નહીં વધુ ઊંડે ધકેલવા વાળા હશે. જે એવું કહે તું શું ઈચ્છે છે? તેલ લેવા ગયું, તું ખુશ નથી ને... માની લેજો એ જ તમારો સાચો . સાથીદાર છે. સતત આત્મહત્યા ના વિચારો આવતા હોય ત્યારે પરિવારની હુફ અને માનસિક સાંત્વના જરુરી થઈ પડે છે, પણ અમુકવાર નજીકના વ્યક્તિ જ દબાણનું કારણ બનતા હોય છે. પરંતુ જરૂર છે માત્ર શાંત ચિતે વિચાર કરવાની કે શું સમસ્યાનું નિવારણ જીવનનો અંત જ છે. નેગેટિવ વિચાર એ એક રોગ છે

એકલતા,હતાશાની લાગણી એ આત્મહત્યાનું બીજ છે, એ વટવૃક્ષ બને એ પહેલાં જ રઅે લાગણીને જડથી ઉખાડી દેવાની જરૂર છે, પોતાને નહીં જ.

"You want to end that pain, not your life"

દરેક પરિસ્થિતિ ટેમ્પરરી જ હોય છે, અને જો કાયમી લાગે તો જોખમ ઉઠાવતા શીખો. સામે બોલતાં, અવાજ ઉઠાવતાં, અને ખોટું છે તો સામનો કરતાં. કોઈ ના હોવા ના હોવાથી કોઈને ફર્ક પડતો નથી. તમે નહી હોય ત્યાં બીજું કોઈ હશે. દબાણ સહન કરીને કે વણ જોઈતો ભોગ આપીને ટોપ ટેન લિસ્ટમાં બીજા હશે કહેવાતા બોસ અને ટોપ ટેન અમીરોની યાદોમાં. તો સુખ ચેનથી જીવવા માટે ઉત્સાહ પૂર્વક કામ લેતાં શીખીએ અને કરતાં પણ. દબાણ વગર એકવાર કામ લઈ જોજો ફર્ક દેખાશે અને કોઈકને હસીને આપેલાં કામકાજ બદલ મળેલી ટ્રોફીને જોઈ લેજો એ પણ ચમકી ઊઠશે અને રિવોલ્વિંગ ચેર પર બેસીને નિહાળજો જીવન જીવવાની વધુ પ્રેરણા મળશે.. નહીં કે. દવાખાના ના ચક્કર બીજાની લાગેલી બદદુઆ બદલ.

- Parulamit198@gmail.com
7201001482

સર્વજ્ઞ બની ગયાનો ભાવ ગ્રહણ ક્ષમતાના દ્વાર બંધ કરી દે છે

જેમનું બાળપણ ગામડાઓમાં પ્રાકૃતિક વાતાવરણમાં વિત્યું હોય, કુદરતના ખોળે ખેલીને મોટા થયા હોય, તેમના જીવન બાળપણની મધુર યાદોથી સભર હોય છે. સભર અને હર્યાભર્યા બાળપણના માલિક અમે ક્યારે ગ્રામીણ પ્રકૃતિ રાણીના પ્રેમમાં પડી ગયા એ ખબર જ ન રહી. પહેલો પ્રેમ જેમ ઝનૂનની હદે જતો હોય તવું અમારી સાથે બનેલું. અમારા કિશોરાવસ્થાના 'તમામ' કપડાં પણ લીલાશ ધારણ કરવા લાગેલાં! પસંદગી કરવાની આવે તો અમે તરત પૂછતા કે "લીલું છે ?" આજે અર્ધી સદીના વટાવી છે ત્યારે અમારા એ ઉન્મેષ પર હસવું આવે છે. એક પ્રાકૃતિક વિષય પરના પુસ્તકનો આસ્વાદ લખતી વખતે શ્રી રઘુવીર ચૌધરીએ મારી સર્પ બચાવવાની પ્રવૃત્તિનો વિશેષ ઉલ્લેખ કરેલો. હવે તમે જ કહો કે કોઈને પણ શેર લોહી ચડે જ ને ? ત્યાર બાદ બે ત્રણ સાહિત્યિક કાર્યક્રમોમાં એમણે બહુ ગંભીરતાથી કહેલું કે "ધર્મેન્દ્ર, તારી પાસે સર્પોની દુનિયાના જે અનુભવોનું ભાથું છે તે ગુજરાતમાં કોઈ પાસે નથી, અને જેમની પાસે એવું જ ભાથું હશે તે લોકો તારી જેમ લખી શકવાના નથી. તો તું સર્પોના તારા અનુભવોને સવિસ્તાર કાગળ પર ઉતાર. એક પુસ્તક બનશે!"

સર્પો સાથે કામ કરતાં ખ્યાલ આવ્યો કે સામાન્ય માણસ કરતાં સર્પોનો આમનો સામનો બીજા કરતાં વધારે જ થવાનો. તેથી પ્રથમ સર્પોની જાતોને ઓળખવાનું શરુ કર્યું. એક આઈડિયા આવ્યો કે ગુજરાતના કુલ સર્પોની જાતિઓમાં માત્ર ચાર જ માનવ માટે ઘાતક હોય છે, બાકીના બિનઝેરી. તેથી નિર્ણય કર્યો કે આપણે બધા ઓળખવા કરતાં ચાર ઝેરી સર્પોને ઓળખતા શીખીએ. એ ચારેય સર્પોના દેખાવ, રંગ, ડિઝાઈન અને એવી આનુષાંગિક બાબતો આંખના માધ્યમથી મન અને હૈયામાં ઉતારી લીધી. અપુન તો અબ એક્સ્પર્ટ બન ગયાં! જે ઘડીએ એવું લાગે કે આપણે સર્વજ્ઞ બની ગયા, ત્યારથી આપણી ગ્રહણ ક્ષમતાના દ્વાર બંધ થવા લાગે છે.

આમ ઝેરી સર્પોની મારી ઓળખ તો પાક્કી બની, પરંતુ તેના મદમાં એક બાબત ચુકાઈ ગઈ કે અમુક સર્પોની જાતિઓ એવી હોય છે કે જે બિનઝેરી હોવા છતાં તેમની રચના અને દેખાવ અન્ય અતિ-ઝેરી સર્પો જેવી જ હોય છે. સામાન્ય માનવની આંખે બન્ને સરખા લાગે પણ જાણકાર જ એમના વચ્ચેનો ભેદ પારખી શકે. ગુજરાતમાં આવા બે પ્રકારના લૂક અલાઈક સર્પો છે. એક છે કોમન કેટ સ્નેક જેનો બાહ્ય દેખાવ ઝેરી સાપ ફુરસા જેવો જ હોય છે, અને બીજો છે વુલ્ફ સ્નેક એટલે કે વરુદંતિ સાપ જેનો બાહ્ય દેખાવ અત્યંત ઝેરી કાળોતરા જેવો જ હોય છે.

એક દિવસ અમરેલીના મારા ઘરે બપોરે વાંચતો હતો, અને બહાર શેરીમાં હો હા થઈ. કુતૂહલવશ બહાર નિકળીને જોયું તો એક નાનકડા સાપને યુવાનો લાકડી પર ચડાવીને હવામાં ઉછાળતા હતા. સાપ હવામાં પંદર વીસ ફૂટ ઊંચેથી નીચે નક્કર જમીન પર પછાડાતો હતો. સર્પ બિચારો મરી જ ગયો હોય એવો ઢીલો-ઢસ થઈ ગયેલો. મેં એમને રોક્યા અને એમને કહ્યું કે "શું કરવા મારો છો યાર, આ તો બિનઝેરી કેટ સ્નેક છે. લાવો આને હું ગામ બહાર છોડી દઈશ." મેં એ સાપને હળવેથી હથેળીમાં ઉઠાવ્યો અને નાખ્યો મારા લેંઘાના ખિસ્સામાં. મારી માએ ખીજાઈને મને ઘરની બહાર કાઢી મૂક્યો. આપણે તો ખિસ્સામાં સાપને લઈને ઉપડ્યા એક મિત્રની ઓફિસે. એમને ખિસ્સામાંથી સર્પ કાઢીને દેખાડ્યો. એ મિત્રએ એક ફોટોગ્રાફર મિત્રને બોલાવ્યા. તેઓ કેમેરો લઈને આવ્યા અને આપણે ફરીથી એ સાપને ખિસ્સામાંથી કાઢીને ટેબલ પર મૂક્યો. એમણે થોડા દૂરથી ફોટા તો લીધા અને નજીકથી ફોટા લઈ શકે એ માટે મેં એ સાપના માથા પર આંગળી મૂકી દબાવી રાખ્યો અને ફોટોગ્રાફરનો કેમેરો ફોકસ થઈ જાય એટલે હું આંગળી ઉઠાવી લઉં, ફોટા પડી જાય એટલે ફરી આંગળી દબાવી રાખું. તેઓએ ઘણા એંગલથી એ સાપના માથાના એકદમ ક્લોઝઅપ ફોટોઝ લીધા અને ખુશ થતા થતા જતા રહ્યા.

જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

મોડી સાંજે હું અને મારો એક બીજો સાપનો જાણકાર મિત્ર સાપને ગામ બહાર આવેલા ઉક્કડ એરપોર્ટ પર છોડવા ગયાં. સાયકલ પાર્ક કરીને ઊંડા ખિસ્સામાં હાથ નાખીને સાપને કાઢ્યો અને ચાંદની રાતના અજવાળામાં શીતળ વાતાવરણમાં પથરાળ જમીનમાં એને છુટ્ટો મૂક્યો. અમે એને જોઈ જ રહેલાં. મુક્ત વાતાવરણમાં સર્પે ઠંડી હવા પોતાના ફેફસામાં ભરી અને તેના શરીરમાં જાણે જીવન સંચાર થયો. ધીમે ધીમે સર્પ પોતાના ફેફસામાં હવા ભરીને ઝડપથી છોડવા લાગ્યો અને જલેબીના ગૂંચળાની જેમ ગોળ ગોળ ફરવા લાગ્યો. શરીરના ભીંગડા જેમ જેમ એકબીજા સાથે ઘસાવા લાગ્યા તેમ એક કરવત લાકડા પર ચાલતી હોય તેવો અવાજ એ સંભળાવા લાગ્યો. આ અવાજે જ્ઞાની હોવાનો મારો ભ્રમ ભાંગી નાખ્યો. ત્યારે ભાન થયું કે હું જે સાપ સાથે બપોરનો રમકડાની માફક ખેલ કરું છું તે સાપ બિનઝેરી કોમન કેટ સ્નેક નથી, પરંતુ તેનો લૂક અલાઈક અતિઝેરી એવો ફુરસો એટલે કે સો-સ્કેલ્ડ વાઈપર છે! હું ડરથી ધ્રૂજવા લાગ્યો, આખા શરીરના રૂંવાડા ઊભાં થઈ ગયેલા, અને પરસેવો વળી ગયો, આંખોમાં ઝળઝળીયા આવી ગયેલાં. ત્યાર બાદ ત્રણ ચાર રાત મને સરખી ઉંઘ નહોતી આવેલી અને સાપ ઓળખવામાં ભૂલ થઈ છે અને દંશી ગયો છે અને અને મૃત્યુ પામવાની તૈયારીમાં છીએ તેવા ડરામણા દુઃસ્વપ્નો આવેલાં !

હેન્ડબ્રેક :

"ડાહ્યા જે કામ કરતાં વિચાર કરે,
એ કામ મુર્ખ ચપટીમાં કરી નાખે."

- ધ.ત્રિ.

- 9978405967
djtrivedi@gmail.com